શોરા ક્રમાંક થી તમામ
સ.ઈ.કો, સ.ઓ, ફાર્મસી, એમ.બી.એ
સાથે આ પ જે મોકલવું

ટેકનીકલ શિક્ષણ કમિશ્નરશ્રી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
પત્ર મળ્યા તારીખ
0 5 MAR 2022
જેને મોકલ્યો તે આવક રજીસ્ટરનો
શાખાનું નામ ક્રમાંક 525

રાજ્યની સર્વે સરકારી/ખાનગી યુનિવર્સિટી/કોલેજોમા ઓફ-લાઇન/ પ્રત્યક્ષ રીતે વર્ગ-ખંડ શિક્ષણ ચાલુ કરવા બાબત.

ગુજરાત રાજ્ય
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક:-પરચ/૨૦૧૮/૬૧/ખ-૧
સચિવાલય, ગાંધીનગર
તા.૦૨/03/૨૦૨૨

સંદર્ભ:- (૧) શિક્ષણ વિભાગનો તા:૦૯/૦૭/૨૦૨૧નો સમાનાંકી પરિપત્ર
(૨) શિક્ષણ વિભાગનો તા:૧૪/૦૭/૨૦૨૧નો સમાનાંકી પત્ર
(3) UGCનો તા:૧૧/૦૨/૨૦૨૨નો પત્રાંક: F.No. 14-8/2020(CPI-II)

પરિપત્ર:-

ઉક્ત વંચાણે લીધેલ સંદર્ભ (૧) ના પરિપત્રથી રાજ્યની સર્વે સરકારી/ખાનગી યુનિવર્સિટી અને સરકારી/ગ્રાન્ટેડ/ખાનગી કોલેજોમા વર્ગ-ખંડોમાં ૫૦%ની ક્ષમતા સાથે ઓફ-લાઇન/પ્રત્યક્ષ રીતે વર્ગ-ખંડ શિક્ષણ ચાલુ કરવાની સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ અને સંદર્ભ (૨)ના પત્રથી પ્રત્યક્ષ શિક્ષણ માટે તથા હોસ્ટેલમાં રહેવા માટેની વિગતવાર માર્ગદર્શિકા (S.O.P.) બહાર પાડવામાં આવેલ.

સંદર્ભ (3)ના પત્રથી પોસ્ટ લોકડાઉનમાં યુનિવર્સિટીઓ/કોલેજોના રી-ઓપનીંગ માટે જણાવવામાં આવેલ છે તેમજ હાલમાં કોરોનાના કેસોમાં નોંધપાત્ર ઘટાડો થવાને લીધે તા:૨૧/૦૨/૨૦૨૨થી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓના તમામ વિદ્યાર્થીઓની ૧૦૦% હાજરી સાથે શૈક્ષણિક કાર્યો ઓફલાઇન/પ્રત્યક્ષ રીતે શરૂ કરવાનું નિયત થયેલ છે. આ માટે નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

(૧) તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાના શૈક્ષણિક/બિન શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ ફેસ માસ્ક ફરજીયાત પહેરવાનો રહેશે તેમજ પરિસરમાં હેન્ડ વોશિંગ/સેનેટાઇઝેશન પોઇન્ટ પૂરતા પ્રમાણમાં રાખવાના રહેશે. યુનિવર્સિટી/કોલેજોના સત્તાધીશોએ સતત મોનીટરીંગ દ્વારા રાજ્ય સરકારની વખતો વખત બહાર પાડવામાં આવેલ COVID-19ના પ્રોટોકોલ સંલગ્ન તમામ આનુષંગિક બાબતોનું ચુસ્તપણે પાલન થાય છે તે સુનિશ્ચિત કરવાનું રહેશે. વધુમાં બધા વિદ્યાર્થીઓને વેક્સીન લેવા પ્રોત્સાહિત કરવાના પણ પ્રયત્નો કરવાના રહેશે

(P.T.O.)

(૨) હોસ્ટેલ, કેન્ટીન, મેસ વગેરે અગાઉ મુજબ પૂર્ણ ક્ષમતા સાથે શરૂ કરી શકાશે, જેમાં COVID-19 સંદર્ભે ઉચિત વર્તણૂક (Covid Appropriate Behaviour)નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તેમજ આ અંગે રાજ્ય સરકારની COVID-19 સંબંધિત વખતો વખતની માર્ગદર્શિકા/સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૩) જરૂર જણાયે સ્થાનિક પરિસ્થિતિઓને ધ્યાને લઇને, યુનિવર્સિટી/કોલેજોના સંચાલકોએ સ્થાનિક સત્તામંડળો સાથે સંકલન સાધી COVID-19 પ્રોટોકોલ સંલગ્ન તમામ આનુષંગિક બાબતોનું પાલન કરવાનું રહેશે.

(૪) આ સૂચનાઓ રાજ્યની તમામ સરકારી/ખાનગી યુનિવર્સિટી તેમજ સરકારી/બિન સરકારી અનુદાનિત/ખાનગી કોલેજોને લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી. એસ. પરમાર)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

-નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.(અલાયદા પત્ર દ્વારા)
-માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન.મંત્રીશ્રી (શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન.રા.ક.મંત્રીશ્રી (ઉ. અને ટે. શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
-અધિક મુખ્ય સચિવશ્રી (આ.પ.ક.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
-અધિક મુખ્ય સચિવશ્રી (ગૃ. વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
-અગ્રસચિવશ્રી (શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
-નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણ, કર્મયોગી ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
-કુલસચિવશ્રી, સંબંધિત સર્વે સરકારી/ખાનગી યુનિવર્સિટીઓ અને સંબંધિત સર્વે સરકારી/ગ્રાન્ટેડ/ખાનગી કોલેજો (મારફત ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર./મારફત ટેકનિકલ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, કર્મયોગી ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર)
-નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
-શાખા સિલેક્ટ ફાઇલ